SAMVAD E-JOURNAL
ISSN (Online) : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 2, Issue-2, April to June : 2024
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# બાળઘડતરનો પાયો 'બાળવાર્તા'

*હુણ હીરા માંડાભાઈ*

બાળકના જન્મ પૂર્વે બાળક જ્યારે માતાના ગર્ભમાં હોય ત્યારથી જ તેમનું શિક્ષણ આપવાનું કાર્ય ચાલુ થાય છે. આ સમયગાળા દરમિયાન માતા સારા સારા પુસ્તકોનું વાંચન કરતી હોય છે. જે બાળકના સારા વિકાસ માટે મહત્વનો ભાગ ભજવે છે. તેમાનું એક મોટું ઉદાહરણ છે; અભિમન્યુને તેની માતા દ્વારા તેમના ગર્ભમાં જ રહ્યા કોઠા વિદ્યાનું જ્ઞાન આપવામાં આવેલ હતું. આ કવિ કલ્પના ન હતી, પરંતુ મનોવિજ્ઞાનનું એક સનાતન સત્ય હતું. જેને આજના શિક્ષણ શાસ્ત્રીઓએ સિદ્ધ કરેલ છે.

બાળકનો જન્મ થાય ત્યારબાદ તેના ઘડતરમાં પાંચ વર્ષ સુધી માતા-પિતાનો મહત્વનો ફાળો હોય છે. ત્યારબાદ બાળક શાળામાં જતો થાય તે પહેલા એમની સમજ અને એના જ્ઞાનનો પાયો સુંદર રીતે નખાઈ ગયો હોય છે. આથી ઘરની એટલે કે બાળકના માતા-પિતા, બાળકના દાદા-દાદી, બાળકના નાના-નાની, બાળકના મોટા ભાઈ-બહેન આ તમામની જવાબદારી અને ફરજ બાળકનો સ્વભાવિક વિકાસ થઈ શકે તે પ્રકારનું વાતાવરણ સર્જવાનું છે અને તેના માટે ઉત્તમ છે 'બાળવાર્તા.'

બાળકના ઘડતરમાં 'બાળવાર્તા' મહત્વનો ભાગ ભજવે છે. દુનિયા ભરનું એક પણ બાળક એવું નહીં હોય કે જેમને વાર્તા સાંભળવી ગમતી ન હોય. અગાઉના સમયમાં ઘરના આંગણામાં રમાડતા નાના બાળકને ચંદ્ર અને તારાની વાત કરી 'વાર્તા રે વાર્તા ને ભાભા ઢોર ચારતા' ની વાતો કરી બાળકને આનંદ અને સંસ્કારોનું સિંચન કરતી દાદીમાની વાતો આપણે ત્યાં લોકપરંપરાથી ચાલતી આવી છે. હિતોપદેશ કે પંચતંત્રમાં આલેખાયેલી વાર્તાનો મુખ્ય હેતુ તો મૂર્ખ રાજકુમારને સંસ્કારો સાથે જ્ઞાનનું સિંચન કરવાનો હતો પણ એ વાર્તાઓ પ્રૌઢને પણ એટલી જ આકર્ષે છે. જો કે એ વાર્તાઓ બાળકને પણ આનંદ આપે છે અને આપણી અર્વાચીન બાળવાર્તાના પાયામાં એનો મહામૂલો ફાળો રહેલો છે.

બાળવાર્તાઓ અંગે સૌ પ્રથમ વિચાર કરીએ ત્યારે પહેલાં આપણને યાદ આવે છે બાળપણમાં આપણે આપણા દાદા-દાદી પાસેથી સાંભળેલી ચકા-ચકીની, આનંદી કાગડાની, બકરીબાઈની, ઉંદરમામાની, સસલાભાઈની, શિયાળભાઈની વગેરે વાર્તાઓ. અને તેમાં પણ પહેલા તો યાદ આવે છે તેમાં રહેલા જોડકણા.

"એ ભાઈ ગાયોના ગોવાળ
ગાયોના ગોવાળ
મારા ચકારાણાને કાઢ તો
તને ખીર-પૂરી ખવડાવવું !" અથવા
"ગોળ કેરી ભીંડરડી ને શેરડી કેરા દાંડા,
કોપરીએ ઘર છાયાં બચ્ચાં બારણાં ઉઘાડો."

આવી મર્યાદિત કથાવસ્તુવાળી, જોડકણાથી ભરેલી નાની-નાની બાળવાર્તાઓ જેને લોકજીભેથી એકત્રિત કરીને ખરેખર અમર કરનાર છે બાળવાર્તાકાર ગિજુભાઈ બધેકા. આવી વાર્તાઓમાં ખાસ કરીને બેથી પાંચેક વર્ષ સુધીનાં બાળકોના અનુભવ જગતને અનુરૂપ ઘર, કુટુંબ, પરિચિત કુદરત અને પશુ-પંખીઓ પ્રતિબિંબિત થતા હોય છે. અને નાના બાળકોના રોજિંદા જીવનમાં જે નાના નાના પરાક્રમો ને સંઘર્ષો થતા રહેતા હોય છે. તેનું નિરૂપણ પશુ-પક્ષીના પાત્રો મારફત થતું હોય છે. કોઈ વસ્તુને મેળવવાની મથામણ; કોઈ

ઝૂટવીને લઈ ગયું હોય તે પાછું મેળવવા અજમાવતા રુદન-ફરિયાદથી માંડી તાડન સુધીના ઉપાયો, કલ્પિત ભયો અને તેને જીતવાની કોશિશો, સંરક્ષણ, પ્રેમ, હૂંફ વગેરેની જરૂરિયાતો, રમત, ગમ્મત, બીજાને ચીડવીને, તોફાન કરીને મળતો આનંદ, ઉછળ-કૂદ વગેરે બાળજગતના અનુભવોનું સુંદર આલેખન આવી વાર્તાઓમાં થયેલું જોઈ શકાય છે.

અર્વાચીન ગુજરાતી સાહિત્યની બાળવાર્તાના શ્રીગણેશ તો ગિજુભાઈ બધેકાથી થયા પણ આપણી બાળવાર્તાના પાયામાં હિતોપદેશ, પંચતંત્ર, કથાસરિત્સાગર, જાતકકથા અને અંગ્રેજી સાહિત્યના સંપર્કમાં આવ્યા પછી મોન્ટેસરીની પરંપરામાં બાળવાર્તાનું સર્જન થતું રહ્યું છે અને એ બાળવાર્તામાં લોકસાહિત્ય અને લોકપરંપરાનો ફાળો રહેલો છે.

બાળમંદિર, બાળમંદિરનો ખ્યાલ અને બાળમાનસની કેળવણીના ભીષ્મ પિતામહ અને જેને જગત 'મૂછાળી માં' તરીકે ઓળખે છે તેવા ગિજુભાઈ બધેકાના જન્મદિવસ ૧૫ મી નવેમ્બરને ગુજરાત રાજ્ય સરકાર દ્વારા 'બાળવાર્તા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. અને ખાસ આજથી સો વર્ષ પહેલાં બાળગીતો, બાળવાર્તાઓ દ્વારા બાળકોના ઘડતરની જે વાત ગિજુભાઈ બધેકાએ કરી હતી તેને નવી શિક્ષણનીતિમાં પણ સામેલ કરવામાં આવી છે તે ખાસ આનંદની વાત છે.

ગિજુભાઈ બધેકાએ મોન્ટેસરી પદ્ધતિથી બાળકોને કેળવ્યા છે જે એક ઉત્તમ ઉદાહરણ ગણી શકાય. ગિજુભાઈની બાળવાર્તાઓ બાળકને સમાજનું સ્પષ્ટ અને આબેહૂબ દર્શન કરાવે છે. માનવજીવનના અનેકવિધ સ્વભાવનું દર્શન કરાવે છે. ગિજુભાઈની વાર્તાઓમાં સંસારનું ડહાપણ બાળકોને હસતાં રમતાં શીખવી દે છે. તેમની વાર્તાઓ બાળકોના જીવનઘડતરમાં અનેક રીતે ઉપયોગી થાય છે. ગિજુભાઈની વાર્તાઓ બાળકના સર્વાંગી વિકાસના ઘડતરમાં માના દૂધની જેમ અત્યંત જરૂરી પોષક છે. આજે જે બાળવાર્તાનો લાભ ગુજરાતી બાળકો લઈ રહ્યા છે, જેનો મજબૂત પાયો ગિજુભાઈના હાથે નંખાયો છે.

ગિજુભાઈ બધેકા પછી જો કોઈ મહાન બાળવાર્તાકારનું નામ પૂછવામાં આવેતો મોટેભાગે રમણલાલ સોનીનું નામ આવે. પરંતુ એમની વચ્ચેની જોડતી કડી રૂપ કેટલાંક વાર્તાકારોના નામનો ઉલ્લેખ કરવો પડે. એમાં ઝવેરચંદ મેઘાણીની 'સોનબાઈ', 'અજબ ચોર', 'વાળાની હરણપૂજા'; જુગતરામ દવેની 'ઘોડાનું બંધન' જેવી બાળભોગ્ય બાળવાર્તા મળે છે. એમાંય હંસા મહેતા અને નાગરદાસ પટેલનું મહત્વનું પ્રદાન રહ્યું છે. આમ બાળવાર્તાકારોએ બાળવિકાસના ઘડતરમાં પોતાની કલમે લખાયેલી શ્રેષ્ઠવાર્તાઓ દ્વારા બાળઘડતરમાં મહત્વનું પ્રદાન કર્યું છે.

બાળવાર્તાના પાત્રોમાં મોટેભાગે પંખી-પ્રાણી-સૃષ્ટિ આવે છે. એનું કારણ છે, કે પંચતંત્ર કે હિતોપદેશની વાર્તા કે લોકપરંપરાની વાર્તામાં પ્રાણીપાત્રનો વિનિયોગ થાય છે. બાળકને આમ પણ બિલાડી, શિયાળ, કાગડો, વાઘ, ઉંદર, સિંહ, હાથી વગેરે આકર્ષે છે. કેટલાક પાત્રો તો એટલા વિખ્યાત થયા છે કે એ વિશેષણના પર્યાય બની ગયા છે. બાળવાર્તાકાર રમણ સોનીની વાર્તામાં આવતો 'ગલબો શિયાળ' ચતુરાઈનું પ્રતિક બને છે. 'શકરો વરુ'થી માંડી કાગડો કે લુચ્ચી બિલાડી વગેરે પાત્રો એના ગુણના પર્યાય તરીકે જાણીતા બન્યા છે. બાળકને વાર્તા વાંચ્યા પછી પૂછો તો કહે કે પેલી બિલાડી કે પેલો વાંદરો કેટલો લુચ્ચો અને પેલો ઉંદર કેવી રીતે સિંહનો જીવ બચાવી ઉપકારનો બદલો આપે છે.

આમ, બાળવાર્તાના પાત્રોમાં પંખી-પ્રાણી ઉપરાંત પરી કે રાક્ષસ જેવા પાત્રો બાળકને આકર્ષે છે. આજે ટેલિવિઝન જોતા બાળકને 'હી મેન' કે 'બાળગણેશ', 'છોટાભીમ'ના પરાક્રમો કે 'ટોમ એન્ડ જેરી'ના પાત્રો એમના ચિતમાં છાપ જમાવી ચૂક્યાં છે.

**બાળવાર્તામાં અભિનયનું પ્રાધાન્ય :**

બાળવાર્તામાં અભિનયનું પ્રાધાન્ય ખૂબ જ જરૂરી છે. વાર્તામાં રાજા આવે તો વાર્તાકારે રાજા બનવું જ રહ્યું અને રાજાની રીતે જ તેને બોલવું રહ્યું. વાર્તામાં વાંદરો આવે તો વાર્તાકાર વાંદરો બનીને જ વાનર શ્રુતાઓને

ખડખડાટ હસાવી શકે. વાર્તામાં ઘોડો દડબડ દડબડ દોડતો હોય તો કથ્થકે ડચકારીઓ અને દાબડા બોલાવવા જ રહ્યા, સાથે ઘોડાની જેમ ઊછળવુય રહ્યું. વાર્તામાં સિંહ કદી સસલાની કે કાચબાની જેમ ન આવી શકે. વાર્તા હાથીની કે ભીમની કહો તો તમારે ભીમ બનવું જ રહ્યું, મિયા નેકચંદની બનીને ભીમકથાની અસર પેદા ન કરી શકો અને અર્જુનની કથા તમારે ગાંડીવના ટંકાર સાથે જ જમાવવી રહી. શ્રી કૃષ્ણની કથા ચાહે બંસરીવાદનના તોરથી કહો કે પછી ઊંચી ઊભી આંગળી પર સુદર્શન ચક્ર ફેરવી રહો.

સારાંશ એટલો જ કે બાળકોને તો લાગવું જોઈએ કે સામે રાજા છે, રાણી છે, હનુમાન છે, ભીમ છે, અર્જુન છે, કૃષ્ણ છે. વાર્તામાં લડાઈ આવે તો એ માટેના શબ્દો એવા જ હોવા જોઈએ. સાથે તમારે તમારી જાતના બે ભાગ કરી નાખીને બે અડધિયાઓને લડાવવા જ રહ્યા.

બાળકો કદાચ વાર્તા સાંભળવા નહીં પણ જોવાય માંગતા હોય છે. સામે તેઓ વાર્તા પ્રત્યક્ષ થતી નિહાળે તો વાર્તા તેમના અંતરપટ પર છબી બનીને દોડી રહે છે. પછી એ બોલતા ચિત્રપટને તે કદી નહીં ભૂલે, તેના શબ્દો, તેનો બોધ, તેનું કથાનક કે તેનો અભિનય.

**બાળવાર્તામાં ગેયતા, તાલબદ્ધતા અને જોડકણાનો ઉપયોગ :**

બાળવાર્તાઓમાં ગેયતા, તાલબદ્ધતા, જોડવાતો પણ આવવી જોઈએ. પછી તેમાં ભલે વાદ્યો કે વાજિંત્રો ન હોય પણ સંગીત મયતા હોવી જોઈએ. તેમજ કલાત્મકતા અને ગુણવત્તાવાળી હોવી જોઈએ.

ટૂંકીવાર્તામાં ઉપાડ આરોહ-અવરોહ, વળાંક અને ચમત્કારિક અણધાર્યા અંત ને પ્રાધાન્ય છે, તેમ બાળવાર્તા માટે પણ જરૂરી છે.

બાળવાર્તામાં બેવડાતા વાક્યો કે બેવડાતા ધ્વનિ વખતોવખત એની જરૂરિયાત રહી છે. પાત્રોની અમુક લઢણ શૈલી બોલવાની બોલકી ઢબ જો બેવડાવી શકાય તો બાળમાનસ સુધી તેની અસર પહોંચાડી શકાય છે. દાખલા તરીકે,

સસ્સા રાણા સાકળિયા<br>
ડાબે પગે ડામ<br>
ભાગ રે બાવાજી<br>
નહિ તો તારી<br>
તુંબડી તોડી નાખીશ.

આમ, વિશેષ રીતે બોલાતું આ વાક્ય જૂથ બે કે ત્રણ વાર બોલાયા પછી શ્રોતા-બાળકો જ તેને ઉપાડી લે છે.

પોપટ ભૂખ્યો નથી,<br>
પોપટ તરસ્યો નથી,<br>
પોપટ કાચી કેરી ખાય,<br>
પોપટ પાકી કેરી ખાય,<br>
પોપટ સરોવરની પાળ,<br>
પોપટ આંબાની ડાળ... પોપટ મજા કરે.

ગમે તેટલું મોટું હોવા છતાં આ દોડતું શબ્દવૃંદ બાળશ્રોતાની સાથે જ થઇ જાય છે, કાયમને માટે. અને આપણી પરંપરાગત લોકકથાઓમાં કે બાળકથાઓમાં આવા ગેય જૂથો બેસુમાર છે.

બાળવાર્તામાં વાર્તાકારે નાટકના નહિ પણ ચિત્રપટના પડદા જેવા બની જવું પડે છે. બાળકોની આમેય વૃત્તિ સંચળ હોય છે તેમને સમસ્ત વાર્તા દ્વારા સ્થિર રાખવા તમારે જ હલનચલન કરવું પડે છે, નહિ તો બાળકો જ

હલનચલન કરવા લાગે છે. આમ, સમગ્રત્યા રીતે જોતાં બાળવાર્તાઓ બાલઘડતરમાં વિશેષ સાબિત પુરવાર થાય છે.

- **સંદર્ભ :**

૧. ગુજરાતી બાળસાહિત્યનું સર્વાંગી દર્શન, સં. સાકળચંદ પટેલ, પ્ર.આ.2010, રન્નાદે પ્રકાશન અમદાવાદ

૨. 'પરબ' બાળસાહિત્ય વિશેષાંક; 1985, ઓગષ્ટ-સપ્ટેમ્બર

૩. વાર્તાનું શાસ્ત્ર: ગિજુભાઈ બધેકા, પ્રકાશન આવૃતિ પુનર્મૂદ્રણ: માર્ચ 2013

૪. બાલકથા સાહિત્ય એક ઝલક: ડૉ. શ્રધ્ધા ત્રિવેદી,પહેલી આવૃતિ: નવેમ્બર, 2006